**તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૫૮ | ૧૮ ઓગસ્ટ, ૨૦૧૬, ગુરૂવાર ; શ્રાવણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# વિશ્વ વિભૂતિનું મહાપ્રયાણ

## લાખો હરિભક્તની હાજરી વચ્ચે બાપાના અંતિમસંસ્કાર : વૈદિક મંત્રોચ્ચાર, પૂજાવિધિ વચ્ચે મહંત સ્વામીએ મુખાગ્નિ આપી : અંતિમ યાત્રા પહેલા બાપાને ગુરુકક્ષમાંથી પોતાના કક્ષમાં લઈ જવામાં આવ્યા પંચામૃતથી સ્નાન કરાવવામાં આવ્યું : મહંત સ્વામીએ કપાળ પર તિળક કર્યું

અમદાવાદ, તા.૧૭

પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજને શનિવારના દિવસે અક્ષરવાસી થઈ ગયા બાદ આજે લાખો હરિભક્તો, અનેક કેન્દ્રીય મંત્રીઓ, ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, યોગગુરુ બાબા રામદેવ, પુજ્ય મોરારી બાપુ અને મહાનુભાવોની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે પંચમહાભુતમાં વિલિન કરવામાં આવ્યા હતા. અપેક્ષા મુજબ જ મહંત સ્વામીએ મુખાગ્નિ આપી હતી. અંતિમ યાત્રા પહેલા આજે પણ આભામંડળ સમાન બની ગયેલા પ્રમુખ સ્વામી મહારાજના અંતિમ દર્શન માટે શ્રદ્ધાળુઓનો ધસારો જારી રહ્યો હતો. અંતિમ સંસ્કારના થોડાક સમય પહેલા સુધી હરિભક્તોને દર્શન કરવાની તક આપવામાં આવી હતી. ત્યારબાદ અંતિમ સંસ્કાર કરવાના હોવાથી દર્શનની પ્રક્રિયા બંધ કરવામાં આવી હતી. અંતિમયાત્રા પહેલા બાપાને ગુરુકક્ષમાંથી તેઓ જ્યાં રહેતા હતા તે કક્ષમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં બાપાને પંચામૃતથી સ્નાન કરાવવામાં આવ્યું હતું. બાપાને મુખાગ્નિ આપતા પહેલા મહંત સ્વામીએ બાપાના કપાળે તિલક કર્યું હતું. જુદી જુદી આરતીઓ કરવામાં આવી હતી. તમામ સંતો આરતીમાં જોડાયા હતા. હિન્દુ પરંપરા મુજબ તમામ વિધિ કરવામાં આવી હતી. બાપાની ઈચ્છા મુજબ જ સામાન્ય માનવીની જેમ સાદા લાકડામાં તેમના અંતિમ સંસ્કારની વિધિ કરવામાં આવી હતી. ચંદનના લાકડાને પ્રતિક સ્વરુપે રાખવાનો નિર્ણય કરાયો હતો. બાપાની અંતિમ વિદાય સમયે સંતો-મહંતો અને મહાનુભાવોની આંખો ભીની થઈ ગઈ હતી. બાપાની અંતિમ વિદાય સમયે ગોંડલનાં મંદિરમાંથી અક્ષર જ્યોતિ સાળંગપુર લાવવામાં આવી હતી. મુખાગ્નિ પહેલા મહંત સ્વામી, ડોકટર સ્વામી અને કોઠારી સ્વામી સહિતના મહંતોએ બાપાના પાર્થિવ દેહેની પ્રદક્ષિણા કરી હતી. અંતિમ સંસ્કાર પહેલા જય સદગુરુ સ્વામી આરતી કરવામાં આવી હતી. ૧૨ વાગ્યાથી જ બાપાના અંતિમ સંસ્કારની વિધિ શરૂ થઈ ગઈ હતી. આ માટે બાપાના દેહને ગુરુ મંડપમાંથી તેમના કક્ષમાં લઈ જવામાં આવ્યો હતો. જયાં પ્રમુખ સંતોની ઉપસ્થિતિમાં જ સંપૂર્ણ વિધિ કરવામાં આવી હતી. તેમના દેહને પંચામૃતથી

● અનુસંધાન પાન-૭ પર









## તંત્રી સ્થાનેથી....

# મહામાનવના મહાપ્રયાણ દિનને નિખાલસ દિવસ તરીકે ઉજવીએ

ગાંધીનગર, તા. ૧૭

વિશ્વવંદનીય પ્રમુખ સ્વામી મહારાજના મહાપ્રયાણે હજારો હજારો હરિભક્તોની આંખો ભીની કરી દીધી. બાપાના બ્રહ્મલીન થયાના સમાચારથી જ સમગ્ર ગુજરાત અને વિશ્વમાં પથરાયેલા હરિભક્તો શોકમગ્ન બની ગયા. વિશ્વના મહાનુભાવોએ અંજલિ આપી. દેશના મહાનુભાવોએ દર્શન કર્યા અને હરિભક્તોએ સદ્‌ગુરૂના ઓવારણા લીધા. સમાચારો, ચર્ચાઓ, ચેનલો પર બાપાનુ જીવનદર્શન છલકાયું.

કેમ ? શું હતું - આ મહામાનવમાં ? સૌના હૃદય સુધી પહોંચવાની કઈ તાકાત હતી ? આ પ્રશ્નો સૌના મનમાં ઉઠવા જ જોઈએ. એક સાદો સીધો સરળ વ્યક્તિત્વ ધરાવતો માનવી મહામાનવ બનીને મહાપ્રયાણ કરે છે ત્યારે વિશ્વવંદનીય બની જાય છે. પ્રમુખસ્વામીનું વક્તવ્ય સરળ હતુ. શબ્દોનો આડંબર કે વ્યક્તિત્વનો અહમ એમનામાં ક્યારેય પ્રવેશ્યો નથી. પરમજ્ઞાની કે અભણ, ટેકનોકેટ કે અબુધ, ગ્રામીણ ખેડૂત કે વિદેશોના શાસકો-સૌની સાથે સરખો વ્યવહાર - સદ્‌વ્યવહાર. બાપા માનવતાના અખંડ પૂજારી હતા એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. સરળતા એમનો સૌથી મોટો સદ્‌ગુણ ગણાવી શકાય. અને એના જ કારણે હજારો હરિભક્તોના હૃદયમાં એમનું સ્થાન અવિચલ બની ગયું છે. કરૂણા અને નિખાલસતા એમના વ્યક્તિત્વમાંથી ભારોભાર નિતરતી હતી. બાપાને અંજલિ આપવા માટે આપણે તો વામણા પડીએ. આપણે તો માત્ર એમના જીવનમાંથી એકાદ સદ્‌ગુણ અપનાવીએ તો સાચી શ્રદ્ધાંજલિ બની જાય. દંભ, દેખાડા વગરનું જીવન, સહજતા અને સરળતાવાળુ જીવન, ભેદભાવ વગરનું જીવન, સંસ્કાર અને સંસ્કૃતિ માટે સમર્પિત જીવન, કંઈપણ... એકાદ ગુણ હૃદયના એક ખૂણામાં સ્થાન જમાવી દે તો પૂજ્ય પ્રમુખસ્વામીની ભૂમિમાં જન્મ્યાનું ગૌરવ અનુભવી શકીએ. અહ્‌મ અને આડંબરની બોલબાલાની વચ્ચે મહામાનવનું મહાપ્રયાણ-ખાલીપો તો સર્જશે જ. આધ્યાત્મિક અને સામાજીક જીવનમાં ન પૂરી શકાય તેવી ખોટ પડશે, એ વાત સો ટકા સાચી છે. પરંતુ એ ખોટ પૂરવા માટે માનવતાની જ્યોત જલતી રાખીને સર્જાયેલા અંધકારમાં ઉજાસ પાથરીએ. વર્ષમાં એક દિવસ, વર્ષમાં એક મહિનો, એક મહિનામાં એક દિવસ અને એક દિવસમાં એક કલાક જે અનુકૂળ હોય તે નિખાલસતા અપનાવશુ તો બાપાને સાચી અંજલિ આપી ગણાશે. એમના અધૂરા કાર્યોને પૂરા કરવાનું સામર્થ્ય પ્રગટ થઈ શકશે. પરમ વંદનીય પ્રમુખસ્વામીના મહાપ્રયાણ દિન સત્તરમી ઓગષ્ટને નિખાલસ દિવસ તરીકે ઉજવીને બાપાના આચાર-વિચારને ચરિતાર્થ કરવાનો નમ્ર પ્રયાસ કરી શકાશે. વર્તમાનની સમસ્યાઓનો આ રામબાણ ઉપાય છે. જે બાપાના જીવનની ક્ષણેક્ષણમાંથી પ્રગટતો રહ્યો છે.

આવો, જીવાતા જીવનમાં નિખાલસતા અપનાવી પૂજ્ય પ્રમુખ સ્વામીને સાચી અંજલિ અર્પીએ.

# અક્ષરનિવાસી પ્રમુખ સ્વામીના મોરારીબાપુએ દર્શન કર્યા

## અનિલ અંબાણી, જેટલી, પ્રભુએ પણ દર્શન કર્યા : ભાજપના પ્રમુખ અમિત શાહ, ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી, નીતિન પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા







અમદાવાદ, તા.૧૬

લાખોની સંખ્યામાં હરિભક્તો અને મોટી સંખ્યામાં કેન્દ્રીય મંત્રીઓ, ઉદ્યોગપતિઓ અને અન્ય હસ્તીઓની હાજરીમાં પ્રમુખ સ્વામી મહારાજના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. અંતિમવિધિમાં કેન્દ્રીય મંત્રી અરુણ જેટલીએ પૂજ્ય પ્રમુખ સ્વામીના પાર્થિવ દેહના દર્શન કરીને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું હતું કે, કરોડો લોકોને પ્રમુખસ્વામી મહારાજે ધર્મના સમાજસેવાના માર્ગે ચાલવા માટે પ્રેરીત કર્યા છે. એમણે પ્રબોધેલા માર્ગ પર આપણે સહુ ચાલીએ તેવી શ્રદ્ધા તેઓએ વ્યક્ત કરી હતી. કેન્દ્રીય રેલવે મંત્રી સુરેશ પ્રભુએ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના પાર્થિવ દેહના દર્શન કરીને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, પ્રમુખ સ્વામીએ કરેલા કાર્યો જ આપણા માટે પ્રેરણારૂપ છે. દેશને આગળ વધારવા માટે તેમના સેવાના કાર્યો અને ઉપદેશ પ્રેરણાદાયી છે. માનસ મર્મજ્ઞ કથાકાર મોરારીબાપુએ પૂજ્ય મુખ્ય સ્વામી મહારાજના અક્ષરવાસ દેહના દર્શન કરી શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, પ્રમુખ સ્વામી મહારાજ સરળતા, સહજતા અને પારદર્શકતાના ત્રિમૂર્તિ હતા. તેઓનું વિરાટ વ્યક્તિત્વ માત્ર દેશ માટે જ નહીં પરંતુ વિશ્વ માટે રાહ ચીધનારુ છે. એક સાધુ તરીકે કહુ તો સાધુતાને સમર્પિત થઈને તેઓએ સમાજને નવી ઊંચાઈઓ પર સ્થાન આપ્યું છે. ભગવાનસ્વામિનારાયણે આપેલા સિદ્ધાંતો વચનો અને ઉપદેશોના માર્ગે સમાજનું નવનિર્માણ તેઓએ કહ્યું છે. રિલાયન્સ ગ્રુપના ઉદ્યોગપતિ અનિલ ધીરુભાઈ અંબાણીએ પણ પૂજ્ય સ્વામી મહારાજના પાર્થિવ દેહના દર્શન કરીને શ્રદ્ધા અર્પણ કર્યા હતા.

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહે પૂજ્ય પ્રમુખ સ્વામીના પાર્થિવ દેહને પુષ્પાંજલિ આપી હતી. તેઓએ શ્રદ્ધાસુમન આપતા જણાવ્યું હતું કે, પ્રમુખ સ્વામીએ સંસ્કાર કેન્દ્ર દ્વારા સમાજ જીવનમાં ધર્મના સંસ્કારો આપ્યા હતા. તેઓએ કર્મથી જ જીવન સંદેશો આપ્યો હોઈએમ કહીને શાહે ઉમેર્યુ હતું કે, પ્રમુખ સ્વામીએ કરોડો લોકોને વ્યસનમાંથી મુક્તિ અપાવીને બહુમુલ્ય યોગદાન આપ્યું હતું. સદીઓ સુધી પ્રમુખ સ્વામીનું જીવનકાર્ય અને તેમનો સંદેશ સમાજ જીવનને માર્ગદર્શન આપતું રહેશે એવી શ્રદ્ધા તેઓએ વ્યક્ત કરી હતી.

# પ.પૂ. પ્રમુખસ્વામીના અંત્યેષ્ઠીમાં ચંદનના કાષ્ટ પલીયડથી ગયા હતા...

ગાંધીનગર, તા. ૧૭

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની આજે સાળંગપુર ખાતે યોજાયેલી અંતિમ વિધિમાં ચંદનના કાષ્ટ ગાંધીનગર જિલ્લાના પલીયડ ગામના હરિભક્ત બળદેવભાઈ શિવદાસ પટેલે અને ગોવિંદભાઈ શિવદાસ પટેલે મોકલ્યા હતા.

પલીયડના વતની ગોવિંદભાઈને પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના નિધનના સમાચાર મળતાં જ તેમના ભાઈના ખેતરમાં ચંદનના વૃક્ષોની ખેતી યાદ આવી અને વંટોળ દરમ્યાન તુટી પડેલા એક વૃક્ષને જે ઘરે લાવ્યા હતા તેને તાત્કાલિક વહેરાવી અને કટીંગ કરાવી તેઓ મેટાડોર ભરીને સાળંગપુર પહોંચ્યા હતા.

આ બન્ને ભાઈઓની પ્રમુખસ્વામી માટેની શ્રદ્ધા પણ સબૂરી છે. પ્રમુખ સ્વામીએ તેમના પુસ્તકમાં ગોવિંદભાઈની જય બોલાવવાની વાતનો ઉલ્લેખ કરેલો છે. તો બળદેવભાઈના ઘરે પલિયડ સ્વામિનારાયણ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વખતે ત્રણ દિવસ નિવાસ કર્યો હતો. સ્વર્ગસ્થ બળદેવભાઈ તે વખતે ગામના તત્કાલિન સરપંચ હતા. ગોવિંદભાઈ પટેલ કલોલ તાલુકા પંચાયતના પ્રમુખ રહી ચુક્યા છે જે ઉલ્લેખનીય છે.

પલિયડના હરિભક્તો બીજા દિવસે જ સવારે એક લકઝરી બસ અને ચંદનના કાષ્ટ સાથેની મેટાડોર સાથે સાળંગપુર પહોંચ્યા હતા.











